# 5 વર્ષથી ખાડી પૂરથી તબાહી છતાં

## ચૂંટણી ટાણે મુદ્દો ભૂલાઈ જાય...

## પ્રજા ખોબેખોબે મત આપે પછી શાસકો શા માટે ઉકેલ લાવે?

# ખાડીપુરગ્રસ્તોએ ભાજપને જ વધુ મત આપી જીતાડ્યા!

2020 બાદ લગભગ દર વર્ષે ખાડીપૂર જેવી સ્થિતિ.

સૌથી વધુ અસરગ્રસ્ત સરથાણા, કાપોદ્રા અને પુણા પશ્ચિમ બેઠકો તો ઉલટાની આપ પાસેથી ભાજપે ખૂંચવી!

પુણા પૂર્વમાં આપ જિત્યું, પરંતુ લીડ એક લાખથી વધુ ઘટી ગઇ

ઉધના, લિંબાયત અને પરવટ પટ્ટામાં ભાજપનું પ્રભુત્વ યથાવત રહ્યું.

**પરિણામો દર્શાવે છે કે ખાડી પૂરથી નારાજગી અને મતદાનની પસંદગી વચ્ચે સીધો સંબંધ જોવા મળ્યો નથી : ભલે અત્યારે શાસકો પર ફિટકાર અને કાગારોળ મચ્યો હોય પરંતુ ચૂંટણીમાં લોકો તે યાદ રાખતા નથી**

**2020 પછી** દર વર્ષે ખાડી પૂરથી લોકો પરેશાન, વિરોધ અને રોષ છતાં મતદાનમાં તેની અસર દેખાઈ નહીં

**2021માં** આપના ગઢ રહેલા સરથાણા, કાપોદ્રા અને પુણા પશ્ચિમમાં 2026માં ભાજપની વાપસી; માત્ર પુણા પૂર્વમાં આપ બેઠક બચાવી શકી

સુરત : છેલ્લા કેટલાક વર્ષથી ખાડીપૂર સુરતની સૌથી મોટી સમસ્યા બની ગઇ છે. વર્ષ 2020 બાદ લગભગ દર ચોમાસે ખાડી ઓવરફ્લો થવાથી સરથાણા, કાપોદ્રા, પુણા, પરવટ, લિંબાયત, ઉધના સહિતના નીચાણવાળા વિસ્તારોમાં હજારો પરિવારોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. અહીં દર વર્ષે લોકોના ઘરોમાં પાણી ઘૂસે છે, વેપારીઓને કરોડો રૂપિયાનું નુકસાન થાય છે, લોકો દિવસો સુધી ઘરોમાં ફસાઈ રહે છે અને પાણી ઉતર્યા પછી વહીવટી તંત્ર તેમજ શાસકો સામે ભારે રોષ વ્યક્ત કરે છે. જોકે ચૂંટણીના પરિણામો એક અલગ જ ચિત્ર રજૂ કરે છે. છેલ્લા પાંચ વર્ષમાં ખાડી પૂરનો સૌથી વધુ ભોગ બનેલા વિસ્તારોની ચૂંટણીના પરિણામ પર નજર કરીએ તો ચિત્ર અલગ જ સ્પષ્ટ થાય છે. ખાડીપૂર આ વિસ્તાર માટે ગણતરીના દિવસોના આક્રોશ સિવાય મુદ્દો જ નથી. એવું સ્પષ્ટ થઈ રહ્યું છે કે સુરતમાં ખાડી પૂર મતદારો માટે ભાવનાત્મક મુદ્દો તો છે, પરંતુ ચૂંટણીનો નિર્ણાયક મુદ્દો બની શક્યો નથી.

વર્ષ 2021ની ચૂંટણીમાં સરથાણા-સીમાડા (વોર્ડ-3)માં આમ આદમી પાર્ટીએ 1.34 લાખથી વધુ મતની ઐતિહાસિક લીડ મેળવી હતી અને ભાજપની ડિપોઝિટ પણ જપ્ત થઈ હતી. પરંતુ છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ખાડી પૂરથી સૌથી વધુ અસરગ્રસ્ત આ જ વિસ્તારમાં 2026માં ભાજપે 19,291 મતની લીડ સાથે વોર્ડ કબજે કર્યો છે. કાપોદ્રા (વોર્ડ-4)માં પણ 2021માં આપને 31,995 મતની લીડ મળી હતી, પરંતુ 2026માં ભાજપે 22,696 મતથી જીત મેળવી. પુણા પશ્ચિમ (વોર્ડ-16)માં 2021માં આપને 40,711 મતની લીડ હતી, જ્યારે 2026માં ભાજપે 4,414 મતથી જીત મેળવી. પુણા પૂર્વ (વોર્ડ-17)માં આપ પોતાની બેઠક બચાવવામાં સફળ રહી, પરંતુ તેની લીડ 1.14 લાખથી ઘટીને માત્ર 11,388 પર આવી ગઈ. એટલે કે ભાજપના મતપ્રતિશતમાં નોંધપાત્ર વધારો થયો. આ સિવાય પરવટ, ખટોદરા, ભટાર, ઉધના, લિંબાયત, ગોડાદરા, ડીંડોલી, પાંડેસરા અને અલથાણ જેવા વિસ્તારોમાં ભાજપે પોતાની લીડ યથાવત રાખી અથવા તેમાં વધારો કર્યો. ખાસ કરીને ઉધના દક્ષિણ, ભટાર-વેસુ, ડીંડોલી દક્ષિણ, પાંડેસરા, અલથાણ અને કનસાડ-સચીન વિસ્તારમાં ભાજપની લીડમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો.

રાજકીય રીતે જોવામાં આવે તો આમ આદમી પાર્ટીએ છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ખાડી પૂર, ડ્રેનેજ વ્યવસ્થા, ખાડીઓના ડી-સિલ્ટિંગ, ગેરકાયદે દબાણો અને પાલિકાની કામગીરીને સતત ચૂંટણી મુદ્દો બનાવવાનો પ્રયાસ કર્યો હતો. વરસાદી દિવસોમાં આપના કોર્પોરેટરો અને નેતાઓ અસરગ્રસ્ત વિસ્તારોમાં સક્રિય પણ રહ્યા હતા. તેમ છતાં મતદારોને આ મુદ્દો મતદાન સુધી લઈ જવામાં પક્ષ નિષ્ફળ ગયો હોવાનું પરિણામો પરથી સ્પષ્ટ થાય છે. રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે સ્થાનિક ચૂંટણીમાં મતદારો માત્ર એક જ મુદ્દાના આધારે મતદાન કરતા નથી. પક્ષની સંગઠન શક્તિ, સરકાર પ્રત્યેનો વિશ્વાસ, ઉમેદવારની લોકપ્રિયતા, વિકાસના કામો અને સામાજિક સમીકરણો જેવા અનેક પરિબળો મતદાનને પ્રભાવિત કરે છે. ખાડી પૂરથી નારાજગી હોવા છતાં મતદારોએ મતપેટીમાં ભાજપને જ સમર્થન આપતાં સુરતમાં ફરી એકવાર સાબિત થયું છે કે 'ખાડી પૂર લોકોની સમસ્યા તો છે, પરંતુ તે ચૂંટણી જીતાડે કે હરાવે એવો મુદ્દો હજુ બન્યો નથી.'

| વોર્ડ | વર્ષ | જીતની લીડ |
|---|---|---|
| વોર્ડ- 22 (ભટાર-વેસુ-ડુમસ) | 2021 | 93577 (BJP) |
| | 2026 | 1,21761(BJP) |
| વોર્ડ- 16 (પુણા પશ્ચિમ) | 2021 | 40711 (AAP) |
| | 2026 | 4,414 (BJP) |
| વોર્ડ- 18 (સણિયા હેમાદ-પરવટ) | 2021 | 46,415(BJP) |
| | 2026 | 43616 (BJP) |
| વોર્ડ- 04 કાપોદ્રા | 2021 | 31,995 (AAP) |
| | 2026 | 22696 (BJP) |
| વોર્ડ- 25 (લિંબાયત-ઉધના યાર્ડ) | 2021 | 27586 (BJP) |
| | 2026 | 25012 (BJP) |
| વોર્ડ- 20 ખટોદરા | 2021 | 41602 (BJP) |
| | 2026 | 41565 (BJP) |
| વોર્ડ- 15 કરંજ | 2021 | 9,920 (BJP) |
| | 2026 | 24,740 (BJP) |
| વોર્ડ- 23 બમરોલી-ઉધના(ઉત્તર) | 2021 | 55995(BJP) |
| | 2026 | 56012 (BJP) |
| વોર્ડ- 17 (પુણા-પૂર્વ) | 2021 | 1,14,031 (AAP) |
| | 2026 | 11,388 (BJP) |
| વોર્ડ- 24 ઉધના-દક્ષિણ | 2021 | 40004 (BJP) |
| | 2026 | 62036 (BJP) |
| વોર્ડ- 19 પરવટ-ડુંભાલ | 2021 | 36388 (BJP) |
| | 2026 | 26348 (BJP) |
| વોર્ડ- 26 ગોડાદરા-ડિંડોલી(ઉત્તર) | 2021 | 82516 (BJP) |
| | 2026 | 67062 (BJP) |
| વોર્ડ- 27 ડિંડોલી (દક્ષિણ) | 2021 | 51599 (BJP) |
| | 2026 | 65525 (BJP) |
| વોર્ડ- 28 પાંડેસરા-ભેસ્તાન | 2021 | 18949(BJP) |
| | 2026 | 31534(BJP) |
| વોર્ડ- 29 અલથાણ-બમરોલી-વડોદ | 2021 | 20449 (BJP) |
| | 2026 | 44709 (BJP) |
| વોર્ડ- 30 કનસાડ-સચીન-ઉન-આભવા) | 2021 | 39357 (BJP) |
| | 2026 | 73177 (BJP) |


આઝાદનગર, ભટાર


સરસ્વતી વિદ્યાલય, કુંભારિયા


સણિયા હેમાદ


જંગલશાહ બાવા, લિંબાયત

# ડિંડોલી, કરાડવા અને દેલાડવાનાં મંદિરોમાં ચોરી

**ચમત્કારી** હનુમાન મંદિરમાંથી તો આખેઆખી દાનપેટી ઉઠાવી જતાં તસ્કરો

સુરતઃ એક જ રાતમાં ત્રણ મંદિરોમાં ચોરી કરીને તસ્કરોએ સાબિત કરી આપ્યું છે કે, તેમને પોલીસનો જરા પણ ડર નથી. ડિંડોલીના હનુમાન મંદિર ઉપરાંત 5 તારીખે રાત્રિ દરમિયાન ચોરોએ દેલાડવા અને કરાડવાના મંદિરોમાં પણ ચોરીને અંજામ આપ્યો હતો.

ડિંડોલીની અંબિકા ટાઉનશિપની સામે આવેલા સુપ્રસિદ્ધ 'ચમત્કારી હનુમાન મંદિર'ના પૂજારી હરેરામ લાલબાબુ તિવારી ગઇ તારીખ ૦૫/૦૭/૨૦૨૬ના રોજ રાત્રે સાડા નવ વાગ્યે તેઓ નિયમ મુજબ મંદિરને લોક કરીને પોતાના ઘરે ગયા હતા. બીજા દિવસે વહેલી સવારે સાડા છ વાગ્યે જ્યારે તેઓ પૂજાપાઠ કરવા માટે મંદિરે આવ્યા અને દરવાજો ખોલ્યો ત્યારે અંદરનું દ્રશ્ય જોઈને ચોંકી ઉઠ્યા હતા. મંદિરમાં ભક્તો દ્વારા ચઢાવો અર્પણ કરવા માટે મૂકવામાં આવેલા સ્ટીલના બે દાનપેટીના ડબ્બા ગાયબ હતા. તેમણે તાત્કાલિક ટ્રસ્ટીઓને બોલાવી લીધા હતાં. તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે, કોઈ અજાણ્યો ચોર ઈસમ રાત્રિના અંધકારમાં ગમે તે રીતે મંદિરમાં પ્રવેશ્યો હતો અને આશરે રૂપિયા ૧૫,૦૦૦/- ની રોકડ રકમ ભરેલા બે સ્ટીલના દાનપેટીના ડબ્બા ચોરી કરીને નાસી ગયો હતો. ચોંકાવનારી વાત એ છે કે, આ જ રાત્રિ દરમિયાન તસ્કરોએ ડિંડોલીના કરાડવા ગામમાં આવેલી રાજદીપ સોસાયટીના મહાદેવ મંદિરમાંથી તેમજ દેલાડવા ગામ, દીપદર્શન સ્કૂલની સામે આવેલી દેવનંદની સોસાયટીના મંદિરમાંથી પણ દાનપેટીઓની ચોરી કરી હોવાની હકીકત સામે આવી છે.

## ડ્રગ્સ કેસમાં કર્ણાટકની મહિલા પેડલરને લાજપોર જેલમાં મોકલી અપાઇ

સુરતઃ ડ્રગ્સ કેસમાં રિમાન્ડ પૂરા થતાં કર્ણાટકની ફરિયા મુસ્કાનને લાજપોર જેલ મોકલી અપાઈ હતી. સુરત રેલ્વે સ્ટેશન પર ગોલ્ડન ટેમ્પલ મેઈલમા મુસાફરી કરતી કર્ણાટકની ફરિયા મુસ્કાનની ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI) સુરતે 205 ગ્રામ એમડીએમએ ટેબ્લેટ્સનાં જથ્થા સાથે ધરપકડ કરી હતી. ડીઆરઆઈએ આરોપી ફરિયા મુસ્કાનને કોર્ટમાં રજૂ કરી એક દિવસનાં રિમાન્ડ મેળવ્યા હતા. આજરોજ આરોપીનાં પુરા થતાં વધુ રિમાન્ડની માંગણી નહીં કરાતાં આરોપી ફરિયા મુસ્કાનને કોર્ટ કસ્ટડીમાં લેવાનો હુકમ કોર્ટે કર્યો હતો.

# સીરોક્સી વર્કના બહાને વેપારીઓ સાથે રૂ.૧.૯૬ લાખની ઠગાઈ

**કામરેજ** ખાતું હોવાનું કહી બોગસ GST નંબર આપ્યો

સુરતઃ પાલ ભાઠા વિસ્તારની ગ્રીન સિટીમાં રહેતા ૪૭ વર્ષીય વિજય વિરુમલ રોચવાણી એમ્બ્રોઈડરી અને સીરોક્સી વર્કના દલાલ તરીકે કામ કરે છે. ગત માર્ચ-૨૦૨૬ના એન્ડિંગમાં તેમને મિલેનિયમ માર્કેટ ખાતે મળવા બોલાવી રાજુભાઈએ જણાવ્યું હતું કે, તેનું કામરેજ ખાતે સીરોક્સી વર્કનું મોટું ખાતું છે અને કામ માટે સાડીઓ અપાવો. પાંચ વર્ષ જૂની ઓળખાણ હોવાથી દલાલ વિજયભાઈ તેના પર વિશ્વાસ કરી બેઠા હતા. રાજુભાઈના ભરોસે દલાલ વિજયભાઈએ મિલેનિયમ ટેક્સટાઈલ્સ માર્કેટ-૨ના બે વેપારી પાસેથી માલ અપાવ્યો હતો.

સાક્ષી ફેશન (સુનીલ ભરતીયા): ૩૧૨, મિલેનિયમ માર્કેટમાંથી ૬૦૦ ડાઈડ સાડીઓ (કિં.રૂ.૧,૬૮,૦૦૦), દ્વારકાધીશ સાડી (હિમાશુભાઇ): ૪૩૬, મિલેનીયમ માર્કેટમાંથી ૧૦૦ ડાઈડ સાડીઓ (કિં.રૂ.૨૮,૦૦૦) તા.૩૦-૩-૨૦૨૬ના રોજ રાજુભાઈનો ટેમ્પોવાળો આ કુલ ૭૦૦ સાડીઓ કિં. રૂ.૧,૯૬,૦૦૦નો મુદ્દામાલ સીરોક્સી વર્ક કરી ૭ દિવસમાં પરત આપવાના વાયદા સાથે લઈ ગયો હતો. માલ લઈ ગયાના બીજા જ દિવસે દલાલે રાજુભાઈને ફોન કર્યો ત્યારે તેણે કામરેજ ચાર રસ્તા બોલાવ્યા હતા, પરંતુ વિજયભાઈ ત્યાં પહોંચ્યા ત્યારે રાજુભાઈનો ફોન સ્વીચ ઓફ થઈ ગયો હતો. ઠગાઈની શંકા જતાં વિજયભાઈએ રાજુભાઈએ આપેલા GST નંબર (24ACHPH6076B1ZY)ની ઓનલાઈન ચકાસણી કરતા તે 'અનવેલિડ' એટલે કે બોગસ નીકળ્યો હતો. જેથી ઠગાયેલા વેપારીએ ચિટર સામે પોલીસ ફરિયાદ કરી છે.

## પરવટ ગામમાં આર્થિક સંકડામણમાં આધેડે ફાંસો ખાઇ આપઘાત કર્યો

સુરતઃ પરવટ ગામમાં આર્થિક સંકડામણમાંઆધેડે ફાંસો ખાઇ આપઘાતકરી લીધો હતો. મળેલી માહિતી અનુસાર, પરવટ ગામના ઠાકોરનગરમાં આવેલા માંડ્રુપા એપાર્ટમેન્ટમાં 48 વર્ષીય કેતનભાઇ જયસુખભાઈ પંચાલ એક પુત્ર સહિતના પરિવાર સાથે રહેતા હતા અને ઈ-કોમર્સ કંપનીમાં ડિલિવરી બોય તરીકે કામ નોકરી કરતા હતા. કાલે રાત્રિ દરમિયાન તેમણે ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધીને ફાંસો ખાઇને આપઘાત કરી લીધો હતો. પ્રાથમિક તપાસમાં તેમણે આર્થિક સંકડામણમાં આપઘાતનું પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું. આ અંગે વધુ તપાસ ગોડાદરા પોલીસ કરી રહી છે.

## સગીરા પર બળાત્કારના આરોપીની જામીન અરજી નામંજૂર

સુરતઃ સેશન્સ કોર્ટે પોક્સો કેસમાં આરોપી મેહુલ પરષોત્તમ તાવીયાની જામીન અરજી નામંજૂર કરી હતી. બોટાદનાં ખાખોઈ ગામના આ આરોપી વિરુદ્ધ કતારગામ પોલીસ સ્ટેશને પોક્સો એક્ટ સહિતની કલમો અન્વયે ગુનો નોંધાયો હતો. ભોગ બનનાર સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જઈ ફોટા-વિડીયો વાયરલ કરવાની ધમકી આપી વારંવાર બળાત્કાર ગુજાર્યો હતો. આ કેસમાં આરોપીની લાંબા સમય પછી ધરપકડ થઈ હતી. આ કેસમાં જામીન પર છૂટવા માટે આરોપીએ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. ફરિયાદ પક્ષે એપીપી કે ડી ખેરનારે જામીન અરજીનો વિરોધ કર્યો હતો. બંન્ને પક્ષકારોની રજૂઆત બાદ કોર્ટે આરોપીની જામીન અરજી ફગાવી દીધી હતી.

# લેધરનો વેપારી ૨.૫૩ લાખના ગાંજાના જથ્થા સાથે ઝડપાયો

**કતારગામના** સૌરભ જૈને અંગત ઉપયોગ માટે ગાંજો રાખ્યો હોવાની કબૂલાત કરી, સપ્લાયર વોન્ટેડ

સુરતઃ સિંગણપોર-ડભોલી પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવીને હાથી મંદિર રોડ પરથી પોલીસે એક યુવકને ગાંજાના જથ્થા સાથે રંગેહાથ ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી ગાંજો, રોકડા રૂપિયા, બાઈક અને મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૨.૫૩ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સિંગણપોર-ડભોલી પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી. બી. કામળિયા અને તેમની ટીમ ગત સાંજે પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે હાથી મંદિર રોડ પર આવેલા વિજય મેડિકલ સ્ટોર્સની સામે જાહેર રોડ પર વોચ ગોઠવી હતી.

રાત્રે આશરે ૧૯:૪૫ થી ૨૧:૩૦ વાગ્યાના અરસામાં પોલીસે ત્યાંથી પસાર થતા પાર્થકુમાર જયંતીભાઇ તેજાણી (ઉં.વ. ૩૦, ધંધો- લેધર પ્રોડક્ટ્સનું વેચાણ, રહે. લક્ષ્મીકાંત સોસાયટી, કતારગામ, મૂળ ગામ- લુઢણા, જી. ભાવનગર) ને અટકાવી તેની તલાશી લીધી હતી.આરોપી પાર્થકુમારની અંગઝડતી લેતા તેની પાસેથી ૧૫.૦૦ ગ્રામ પ્રતિબંધિત ગાંજો મળી આવ્યો હતો, જેની કિંમત રૂ. ૩,૭૫૮/- આંકવામાં આવી છે. આ ઉપરાંત પોલીસે તેની પાસેથી રૂપિયા ૧,૫૦,૦૦૦/- ની રોકડ રકમ,એક હોન્ડા કંપનીની સી.બી. શાઈન મોટરસાયકલ (કિંમત રૂ. ૮૫,૦૦૦/-),એક મોબાઈલ ફોન (કિંમત રૂ. ૧૫,૦૦૦/-) મળી કુલ રૂપિયા ૨,૫૩,૭૫૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.પોલીસની પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે કે, આરોપી આ ગાંજાનો જથ્થો પોતાના અંગત ઉપયોગ માટે સૌરભ જૈન નામના વ્યક્તિ પાસેથી લાવ્યો હતો.

પોલીસે પાર્થકુમાર તેજાણીની NDPS એક્ટની કલમ મુજબ ધરપકડ કરી તેના પિતા જયંતિભાઇને ફોન દ્વારા જાણ કરી છે. જ્યારે ગાંજો સપ્લાય કરનાર વોન્ટેડ આરોપી સૌરભ જૈનને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# પિતાની નજર સામે જ વકીલની પરિણીત પુત્રીએ તાપીમાં ઝંપલાવ્યું

સુરતઃ રાંદેર વિસ્તારમાં શુક્રવારે સાંજે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી હતી. રાંદેર ગોરાટ રોડ પર આવેલી લાઈફ સ્ટાઈલ બિલ્ડિંગમાં રહેતી 19 વર્ષીય નગ્મા બાનુ હબીબ ઉલ્લા બનારસીએ હોપ પુલ પરથી તાપી નદીમાં ઝંપલાવી દીધું હતું. ઘટનાના સમયે તેના પિતા તેની શોધખોળ કરતા હોપ પુલ પર પહોંચ્યા હતા, પરંતુ પિતાને નજરે પડતાની સાથે જ નગ્મા બાનુએ નદીમાં કૂદી પડતાં પિતા સ્તબ્ધ બની ગયા હતા. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, નગ્મા બાનુના એકાદ વર્ષ પહેલાં નવસારી ખાતે લગ્ન થયા હતા અને બે દિવસ પહેલાં જ તે પિયરમાં આવી હતી. પ્રાથમિક માહિતી અનુસાર પતિ સાથે કોઈ બાબતે વિવાદ થયો હોવાનું પણ જાણવા મળ્યું છે. રાંદેર પોલીસે જણાવ્યું હતું કે, નગ્મા બાનુ માનસિક બીમારીથી પીડિત હતી અને વેસુની એક ખાનગી હોસ્પિટલમાં તેની સારવાર ચાલી રહી હતી. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી તાપી નદીમાં યુવતીની શોધખોળ શરૂ કરી હતી. મોડી રાત સુધી નગ્મા બાનુનો કોઈ પત્તો લાગ્યો ન હતો. તેમજ તેના પિતા હબીબ ઉલ્લા બનારસી છેલ્લા પચીસેક વર્ષથી સુરત કોર્ટમાં વકીલાતની પ્રેક્ટિસ કરે છે.

# ૬૫ વર્ષના ઈજનેરે મહિલાને 'આઈ કિસ યુ'ના મેસેજ કર્યા

**અગાઉ** બાઇક પર બેસાડવાનો પ્રયાસ કર્યો હતો તે સમયે ફરિયાદ કરી ન હતી

**થોડા** સમય શાંત રહ્યા બાદ બીભત્સ વિડીયો મોકલી હેરાનગતિ શરૂ કરતાં ગુનો નોંધાયો

સુરતઃ અડાજણમાં ૬૫ વર્ષના સિવિલ એન્જિનિયરે પોતાની જ સોસાયટીમાં રહેતી અને બે સંતાનોની માતાનો જાહેરમાં હાથ પકડી બાઈક પર બેસાડવાનો પ્રયાસ કર્યો હતો. એટલું જ નહીં કરનાર આ નરાધમ વૃદ્ધે પરિણીતાને 'આઈ લવ યુ' અને 'આઈ કીસ યુ' ના મેસેજ તેમજ બિભત્સ વીડિયો મોકલી હેરાનગતિની તમામ હદો વટાવી દીધી હતી. અંતે કંટાળેલી પરિણીતાએ આ મામલે અડાજણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

અડાજણ ની એક સોસાયટીમાં રહેતી પરિણીતા બે સંતાનોની માતા છે. આ જ સોસાયટીમાં રહેતો ૬૫ વર્ષીય સિવિલ એન્જિનિયર મુકેશ દિલીપભાઈ જોશી બે વર્ષથી તેના પર ખરાબ નજર રાખતો હતો. તે જ્યારે ઘરે એકલી હોય ત્યારે મુકેશ અવારનવાર ફોન કરતો હતો. પરિણીતા ફોન ઉઠાવે એટલે નફ્ફટાઈથી એવું કહેતો કે, 'મેં તો ટાઈમપાસ કરવા માટે કોલ કર્યો છે.

મુકેશ જોશીની હિંમત એટલી વધી ગઈ હતી કે તે પરિણીતાનો બહાર પણ પીછો કરતો હતો. થોડા દિવસ પહેલા તે જ્યારે એલ.પી. સવાણી રોડ પરથી પસાર થઈ રહી હતી, ત્યારે રસ્તો રોકી તેણે તેનો હાથ પકડી લીધો હતો અને તેને પોતાની બાઈક ઉપર બેસાડવા માટે પ્રયાસ કર્યો હતો. આ ઘટનાથી હેબતાઈ ગયેલી પરિણીતાએ ઘરે આવીને સમગ્ર આપવીતી પોતાના પરિવારને જણાવી હતી. જો કે તે સમયે પરિવારે બદનામીના ડરે ફરિયાદ કરવાનું ટાળી તેમને સમજાવ્યા હતાં. ત્યારબાદ થોડો સમય હેરાનગતિ બંધ કર્યા બાદ તેણે પરિણીતાના મોબાઈલ પર 'આઈ લવ યુ' અને 'આઈ કીસ યુ' જેવા બિભત્સ મેસેજોનો મારો ચલાવ્યો હતો અને સાથે-સાથે અશ્લીલ અને બિભત્સ વીડિયો ક્લિપ્સ પણ મોકલવાનું શરૂ કર્યું હતું. જેથી તેની સામે ફરિયાદ નોંધાઈ છે.

# આશરો આપનાર યુવતીનો કાર્ડ ચોરી 27,200 ઉપાડી લીધા

**આરોપીને** ઘરમાંથી કાઢી મૂકી છે

સુરતઃ ઉધના વિસ્તારમાં માનવતા અને વિશ્વાસને શરમાવે તેવી ઘટના સામે આવી છે. ઘરમાંથી કાઢી મૂકાયેલી બહેનપણીને આશરો આપનાર શ્રમજીવી યુવતીને જ વિશ્વાસઘાતનો ભોગ બનવું પડ્યું છે. આશરો મેળવનાર યુવતીએ ઘરમાંથી ATM કાર્ડ ચોરી પિન નંબરના આધારે ખાતામાંથી કુલ 27,200 ઉપાડી લેતાં મામલો ઉધના પોલીસમાં પહોંચ્યો છે.

ઉધનાના હરીનગર-3 માં રહેતી અને ભેસ્તાનની ડાઈંગ મિલમાં સિલાઈ કામ કરતી માધુરી પારસનાથ દુબે (ઉં.વ. 27) ની નાની બહેન માનસીની મિત્ર લક્ષ્મી ઉર્ફે લચ્છોને તેની માતાએ ફેબ્રુઆરી-2026 દરમિયાન ઘરમાંથી કાઢી મૂકી હતી. દયા દાખવી માધુરીના પરિવારે તેને પોતાના ઘરે આશરો આપ્યો હતો. લક્ષ્મી માર્ચના અંત સુધી પરિવાર સાથે જ રહેતી હતી.આ દરમિયાન માધુરી જ્યારે આધારકાર્ડ લિંક કરાવવા અથવા ATMમાંથી રૂપિયા ઉપાડવા જતી ત્યારે લક્ષ્મી પણ તેની સાથે જતી હતી. આ દરમિયાન તેણે ચાલાકીપૂર્વક ATMનો ગુપ્ત પિન નંબર જાણી લીધો હતો. બાદમાં ઘરની દીવાલ પર લટકતી બેગમાં રાખેલું ATM કાર્ડ નજર ચૂકવી ચોરી લીધું હતું. થોડા દિવસ બાદ અલગ રૂમ ભાડે રાખવાનું કહી તે ત્યાંથી જતી રહી હતી.દરમિયાન માધુરી પોતાના વતન પ્રયાગરાજ (ઉત્તરપ્રદેશ) ગઈ હતી. પરત ફરી બેંકમાં તપાસ કરતાં તેના ખાતામાંથી 14, 15 અને 17 એપ્રિલ દરમિયાન અલગ-અલગ ટ્રાન્ઝેક્શનમાં કુલ 27,200 ઉપાડી લેવાયા હોવાનું જાણવા મળ્યું હતું. સમગ્ર ઘટનાની જાણ થતાં માધુરીએ ઉધના પોલીસ મથકે લક્ષ્મી ઉર્ફે લચ્છો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.